પ્રાથમિક તપાસ અહેવાલ /હકીકતલક્ષી
અહેવાલ રજુ કરવા અંગેની સુચનાઓ.

**ગુજરાત સરકાર**
**નર્મદા જળ સંપતિ પા.પુ. અને કલ્પસર વિભાગ**
**પરિપત્ર ક્રમાંકઃ/તપસ/૧૫૨૦૦૯/એમ.પી.૦૩/૧૩૫/ઈજસેલ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ-** 02 JAN 2016

**વંચાણે લીધું:-** (૧) આ વિભાગનો પરિપત્ર ક્રમાંક:પરચ/૧૫૨૦૧૩/આઇબી.૧૮૦૦/૧૩/ઈજસેલ, તા.૦૭/૦૬/૧૪
(૨) સા.વ.વિ.નો પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૪૨૦૧૫/૧૧૩૯/તપાસ એકમ, તા.૧૬/૧૦/૧૫

**પરિપત્ર:-**

આમુખ ક્રમાંક (૧) સામે દર્શાવેલ વિભાગના પરિપત્રથી વિભાગને જુદા-જુદા વ્યકતિઓ , સંગઠનો તથા અન્ય સ્ત્રોતથી મળતી ફરીયાદ અરજીઓ પર વિચારણા કરી અને આવી અરજીઓ પર આગળની કાર્યવાહી કરવા અંગેનો નિર્ણય કરવા માટે વિભાગના મુ.ઇ.શ્રીઓની અરજી સમિતિની રચના કરવામાં આવેલ છે.

૨. ઉપરોકત પેરા-૧ માં દર્શાવેલ અરજી સમિતિ દ્બારા દરેક અરજીની પુખ્ત વિચારણા કરીને નિર્ણય લેવામાં આવે છે. જેમાં કેટલીક અરજીઓ પર કોઇ ચોક્કસ અધિકારી પાસેથી સંબંધિત અરજીમાં કરવામાં આવેલ રજુઆત બાબતે પ્રાથમિક તપાસ અહેવાલ/હકીકતલક્ષી અહેવાલ મેળવવાનો નિર્ણય થતો હોય છે. વિભાગ દ્બારા અરજી સમિતિના નિર્ણય મુજબ જયારે સંબંધિત અધિકારીશ્રીને પ્રાથમિક તપાસ અહેવાલ/ હકીકતલક્ષી અહેવાલ રજુ કરવા પત્રથી જણાવવામાં આવે છે ત્યારે ઘણા કિસ્સામાં એવું ધ્યાન પર આવેલ છે કે સંબંધિત અધિકારીશ્રી દ્બારા તેમના વર્તુળને લગત નહી હોવાથી અન્ય વર્તુળને પત્ર તબદીલ કરવામાં આવે છે, અને આ બાબતે વિભાગનું ધ્યાન પણ દોરવામાં આવતું નથી. આથી હવે પછી જયારે વિભાગ દ્બારા પુખ્ત વિચારણા કરીને કોઇ ફરિયાદ અરજી પર પ્રાથમિક તપાસ અહેવાલ/ હકીકતલક્ષી અહેવાલ રજુ કરવા જણાવવામાં આવે ત્યારે સંબંધિત અધિકારીશ્રીએ જ અહેવાલ રજુ કરવાનો રહે છે અને કોઇ કારણોસર જો અન્ય વર્તુળને તબદીલ કરવાની જરૂર જણાય તો વિભાગનો પરામર્શ કર્યા બાદ અરજી તબદીલ કરવાની રહે છે/ વિગતવાર કારણો સાથે વિભાગને પરત કરવાની રહે છે.

૩. વિશેષમાં વિભાગ દ્બારા જયારે પ્રાથમિક તપાસ અહેવાલ/ હકીકતલક્ષી અહેવાલ માંગવામાં આવે ત્યારે ઘણા લાંબા સમય સુધી અહેવાલ રજુ કરવામાં આવતો નથી અને જયારે અહેવાલ રજુ થાય ત્યારે ઘણા કિસ્સાઓમાં જવાબદાર જણાયેલ અધિકારી/કર્મચારી વયનિવૃત્ત થઇ જવાના પ્રસંગ પણ ઉપસ્થિત થાય છે. આથી હવે આમુખ ક્રમાંક (૨) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રમાં અપાયેલ સુચનાઓમાં સુચના નં.૧૩ મુજબ વધુમાં વધુ **૦૪-માસમાં** પ્રાથમિક તપાસ પૂર્ણ થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે. (સા.વ.વિ.નો તા.૧૬/૧૦/૧૫ નો પરિપત્ર GSWAN પર http://gad.gujarat.gov.in/personnel/portal/Document/1_1700_1_CDR-142015-1139-Inq_Cell-Dt.16-10-2015-PRIMARY-INQUIRY.pdf ઉપલબ્ધ છે)

૪.　ઉપરોકત સૂચનાઓનુ ચુસ્તપણે પાલન થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રવીણ બી.ટેઇલર )
ઉપ સચિવ (મો.)
**નર્મદા, જળસંપતિ, પા.પુ. અને કલ્પસર વિભાગ**

પ્રતિ,

- સચિવશ્રી(જ.સં)ના અગત સચિવશ્રી .
- સર્વે મુ.ઇ. અને અ.સ.શ્રીઓ , ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુ.જ.સં.વિ.નિ.લિ., ગાંધીનગર
- સીલેકટ ફાઇલ.
- સીસ્ટમ મેનેજરશ્રી, સદર પરિપત્ર વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

For website of Dep.

S.O